ગુજરાત લેડીઝ કલબ.

અમદાવાદ.

તા. ૨૪ મી નવેંબર ૧૯૦૨.

પ્રસિદ્ધ કરનાર,

ગુજરાત લેડીઝ ક્લબના સેક્રેટરી.

દીવાળીબા લાલશંકર.

ગુજરાત લેડીઝ કલબમાં લેડી નોર્થકોટના

માનાર્થે.

આવકારનું ગીત.

ભલે પધાર્યા લેડી નોર્થકોટ, બાનુ તમે આજે,
અરે ઓ બાનુ તમે આજે,
ચાહીએ કુતેહ આપ કાજે.
આ શુભ મીજલસ મળી છે આ જે, દેવા આપને માન,
અરે ઓ દેવા આપને માન,
માનીએ આપ તણું અહેશાન.
પરદુઃખભંજન બાઇ, આપની કીર્તિ છે જાહેર,
અરે ઓ કીર્તિ છે જાહેર,
હિંદની અંદરને બાહેર.
કૃત્યો આપનાં શુભ છે એવાં, ભુલીએ ન આપ આભાર,
અરે ઓ ભુલીએ ન આપ આભાર,
કરીશું યાદ વારંવાર.
લેડીઝ કલબની ઉમેદ હતી તે આજ પડી છે પાર,
અરે ઓ આજ પડી છે પાર,
માનીએ આપ તણો ઉપકાર.

ગરબી ૧.

જુગટું રમતાં નળરાય આજે હાર્યો છે,
પુષ્કર જેને કલિપક્ષ તે બહુ ફાવ્યો છે;
વરતાવી પુરમાં આણ પડો વજડાવ્યો છે,
વન જાવા નળને સદ્ય હુકમ કાઢયો છે.

સરવે તજીને નળ નીકળ્યો વને,
અંગે ધર્યું છે વસ્ત્ર એક જો,
નૈષધનાથ આજ જાય છે વને.
દમયંતિ કાજ કલિ કોપીઓ અતિ,
કોઇએ ન આપ્યું અન્નપાણી જો,
નૈષધનાથ આજ જાય છે વને,

નળ દમયંતિને વાત જણાવે,
પળવાને પીયર પંથ બતાવે,
સુણી દમયંતિ આવેરે, નળની પાસ આવે.

સતિ આવી નળની પાસ રડતી વિનવે છે,
પતિચરણ નમાવી શીશ અરજી ઉચરે છે;

સંગે સર્વે સમય રાખજો પતિ,
કહું સુખે દુઃખે મિઠી વાત જો,
નૈષધનાથ તજી ના જશો વને.

સ્વામીથી વિખુટી કદી નારી ના રહે.
જળથી જુદૂં ન રહે મીન જો,
નૈષધ નાથ તજી ના જશો વને.
એકલડી પતિ હું કેમ રહું.
દુનિયાદારીનાં દુઃખ કેમ સહું,
આજે તમને ન તજું હું, તમને કેમ તજું.

સુખ દુઃખમાં દિલની વાત કયાં જઇ કંથ કહું,
જીવતિ છું હું પતિવિયોગ વ્હોરી કેમ લહું.

છાયા હું નાથ તમ શરીરની બની,
તરુણી તરછોડો નહિ નાથ જો,
નૈષધ નાથ તજી ના જશો વને.
સ્વામી સંગાથે રહું સર્વદા સુખી,
દુઃખી વિયોગે વિરહી થાય જો
નૈષધનાથ તજી ના જશો વને.

ગરબી ૨.

તેજે ઘડયાં અમ અંગ, અમોલા તેજે ઘડયાં છે;
કરિયે ન તિમિરનો સંગ, તિમિર અમ વેરી ઠર્યાં છે.

સાખી.

દિવ્ય લોકમાં ઝૂમતાં, ફરિયે સહુ રસભેર,
ને પ્રેમે કંઇ રેડિયે મર્ત્ય લોકે અમીની સેર;
અમોલી સેર અમીની. તેજે. ૧

ચંદા— સાખી.

'પ્રેમી જોડાં કલહમાં રીસાએ ક્ષણુવાર,
ત્હેનાં હૃદયે રેડતી ચંદા હું પ્રેમ–અમીની ધાર,
રસીલી ધાર અમીની'. તેજે. ૨

'મુગ્ધા સૂતી અગાશિયે ચિન્તનમાં ડ્હોળાય,
સીંચી ત્હેના હૃદયને ખિલવું પ્રેમકળી હું કાંઇ;
ઉજળી શી પ્રેમકળી હું'. તેજે. ૩

શુક્રતારા— સાખી.

'હાસ કરતું આકાશમાં નિરખે નાનું બાળ,
ત્હેને હૃદયે રોપું હું શુક્રતારા કવિત્વ રસાળ,
અતિ ગૂઢ બીજ કવિતનું.' તેજે. ૪

'હૃદય વિકસી કવિજન ઉભો નિરખે અનિમિષ નેન,
ત્હાં ઝરતી હું પ્રેમથી કાંઇ કવિત સરિતનાં વ્હેણ,
કવિતની દિવ્ય સરિતનાં.' તેજે. ૫

તારાસખી— સાખી.

' ચિત્રકાર કવિ મિત્ર જે ઉભો ફૂલક સમીપ,
તત્ત્વદર્શી ત્હેને હૃદય પ્રગટાવું હું પ્રતિભાદીપ,
પૂર્યો દિવ્ય દીપ અમીએ'. તેજે. ૬

ત્રણે ગગન સુંદરી— સાખી.

"હમે તેજનાં બાળ સહુ, સીંચીને નિજ નૂર,
મનુજ હૃદય ગુંગળાવતું હરિયે અન્ધ તિમિરનું પૂર,
હર્યેરિપુપૂર તિમિરનું." તેજે. ૭

ગરબી. ૩.

ઉગ્યો સખી સૃષ્ટિનો શણગાર હાર,
ચાલો ચાલો જોવાને ચંદ્રમા;
જોને પ્રેમઘેલી ભૂમિનો દેદાર,
જોને ડોલે સૃષ્ટિ આનંદમાં,
હાંરે ડોલે સૃષ્ટિ આનંદમાં.

સાખી.

ધન્ય ધરા સુંદરી તને, ચતુર ચંદ્ર તુજ કાન્ત
શાન્તિપાઠ પઢાવતો સાધીને એકાન્ત.

ધરણી પડી પતિને પાય શિક્ષા શિરે ધરેરે,
ગુણીયલ ગોરી પતિગુણ ગાય શાન્તિ ચિતે સ્મરેરે.
ધરોને એની ધરતી માતાનું કહ્યું કાન,
પ્રીતેથી કરો સંસારસુધારસપાન.

સાખી.

ચંદ્રમુખે ચિડાઇને તારાનાં મુખ શ્યામ,
સદ્ગુણીનું સુખ ભાળીને રમે દુઃખના રામ.

સખી જેને પતિનું માન,
તેનાં ગંધર્વ ગાયે ગાયે ગાન,
પામે દેવી સમાન સન્માન,
રમે રમા રસિક લઇ તાન,

ધરણી પડી પતિને પાય શિક્ષા શિરે ધરેરે,
ગુણીઅલ ગોરી પતિગુણ ગાય શાંતિ ચિતે સ્મરેરે.
ધરોને એની ધરતી માતાનું કહ્યું કાન,
પ્રીતેથી કરો સંસારસુધારસપાન.

સાખી.

ગૃહીણી નાર સમ ગૃહીણીઓ સેવે સ્વામી પાય,
ચતુર ચંદ્ર સમ ધણી મળે જય જય ત્યાં ઉચરાય.

ધરણી પડી પતિને પાય શિક્ષા શિરે ધરેરે.
ગુણીઅલ ગોરી પતિગુણ ગાય શાંતિ ચિતે સ્મરેરે.
ધરોને એની ધરતીમાતાનું કહ્યું કાન,
પ્રીતેથી કરો સંસારસુધારસપાન.

રાજગીત.

(રાગ ખમાચ)

મળી સર્વ ભારતસંતાન એક તાન મન પ્રાણ
ગાઓ રાજેન્દ્રનાં યશોગાન;
એડવર્ડ રાજ સુયશ બહુ પામો,
હિતકારક જેનાં સહુ કામો.
રાજપ્રેમ સર્વ સ્થળે વ્યાપી રહો ધર્મબળે,
દેશ દેશ બ્રિટીશ જ્યાં ધામો. ૧

Chorus
ગાઓ રાજેન્દ્રનો જય
જય રાજેન્દ્રનો જય
ગાઓ રાજેન્દ્રનો જય
વિજય, વિજય
ગાઓ રાજેન્દ્રનો જય.

ભયમુક્ત થયા સર્વ ભારતનિવાસી,
મહા શત્રુ ગયા સહુ ત્રાસી,

ભારતનો એજ સેતુ રિપુદલ ધૂમકેતુ,
આર્તબંધુ દુષ્ટના વિનાસી. ૨

Chorus.

રાજાધિરાજનું રક્ષણ કરજે,
હે જગદીશ દયાનિધિ નિત્યે,
દિન દિન સર્વ દેશે શ્રી સરસ્વતી વધે,
રાજ્યાધિપની કૃપા થકિ સત્યે, ૩

Chorus.

હૃદયેથી સહુ ચહે, મહારાજ સુખી રહે,
રાજા રાણી અને યુવરાજ;
આશીર્વાદ પ્રેમભર્યો દીયો સહુ દેશી જનો,
શતંજીવ શતંજીવ બોલો. ૪

Chorus.

અમદાવાદ—"આર્યોદય" પ્રેસ.
અંબાશંકર બહેચરભાઇ વૈદ્યે છાપ્યું.